જરૂરી

B & B Institute of Technology
Inward No. 525
Date 1/3/18

નં. ના.નિ./અજાક/૧૭-૧૮/૧૧૪૯થી૧૫૧૯
નાયબ નિયામક, અનુસૂચિત જાતિ કલ્યાણ,
રૂમ નં. ૨૨૯, બીજો માળ,
જિલ્લા સેવા સદન, બોરસદ ચોકડી,
તા. જિ. આણંદ - ૩૮૮૦૦૧
ફોન: ૦૨૬૯૨-૨૬૦૪૩૯
તા: ૨૩/૦૨/૨૦૧૮

O.I.G.S.

પ્રતિ,
આચાર્યશ્રી,
B & B Institute of Technology,
Po. Bo. 3, At. V. V. Nagar, Anand - 388120

વિષય:- વિદ્યાર્થીઓના બેન્ક ખાતા બાબત

ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે રાજ્ય સરકારશ્રીની પ્રિમેટ્રીક/પોસ્ટમેટ્રીક શિષ્યવૃતિ યોજનાઓ અંતર્ગત વિદ્યાર્થીઓને શિષ્યવૃતિ/સહાય સીધા તેઓના બેન્ક ખાતામાં એક જ જગ્યાએથી ચૂકવી શકાય તે હેતુથી રાજ્ય સરકારશ્રી દ્વારા ***Digital Gujarat Portal*** ડેવલોપ કરવામાં આવેલ છે. સદરહુ પોર્ટલ મારફત વિદ્યાર્થીઓની શિષ્યવૃતિની અરજીઓ/દરખાસ્તો "મંજૂર/નામંજૂર/ચૂકવણા" અંગેની કાર્યવાહી કરવામાં આવે છે.

અત્રે પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓને શિષ્યવૃતિ/ગણવેશ સહાયનું ચૂકવણું કરતી વખતે એવું ધ્યાને આવેલ છે કે ઘણા વિદ્યાર્થીઓના બેન્ક ખાતામાં જો *"Minimum Balance"* ના Rules મુજબ જરૂરી બેલેન્સ જાળવવામાં ન આવેલ હોય તો બેન્ક દ્વારા અમુક ચાર્જ વસુલવામાં આવે છે. તેમજ જો લાબાં સમયથી વિદ્યાર્થી દ્વારા જો બેન્ક ખાતા ઓપરેટ કરવામાં ન આવેલ હોય તો બેન્ક ખાતાને *"In-Operative"* કે *"Dormant* (સ્થગિત)" કરી દેવામાં આવે છે જેથી વિદ્યાર્થીઓના ખાતામાં શિષ્યવૃતિ સમયસર જમા થઇ શકતી નથી અને ટ્રેઝરી તરફથી ડીમાન્ડ ડ્રાફ્ટ આપવામાં આવે છે જે ડ્રાફ્ટ વિદ્યાર્થી સુધી પહોંચાડતા ઘણો સમય લાગી જાય છે અને વિદ્યાર્થીઓને સમયસર શિષ્યવૃતિ મળી શકતી નથી.

**ઉક્ત બાબતે *Reserve Bank of India* દ્વારા તેઓના તા: ૦૧/૦૯/૨૦૧૪ના પત્રનં *RBI/2014-15/202* તેમજ તા:૧૭/૧૦/૨૦૧૭ના પત્ર સાથેની કાર્યવાહી નોંધથી તમામ બેંકોને જરૂરી સૂચનાઓ આપવામાં આવેલ છે કે તમામ વિદ્યાર્થીઓના બેન્ક ખાતાને જો સ્કોલરશિપ બાબતનો *"Product Code"* આપી દેવામાં આવે એટલે કે તમામ વિદ્યાર્થીઓના ખાતા સ્કોલરશિપ એકાઉન્ટમાં ફેરવી દેવામાં આવે તો વિદ્યાર્થીઓના ખાતામાંથી કોઇપણ પ્રકારનો ચાર્જ વસુલવાનો રહેશે નહિ કે ખાતાને *"In-Operative"* કે *"Dormant* (સ્થગિત) કરવાના રહેશે નહિ. તેમજ વિદ્યાર્થીઓના બેન્ક ખાતામાં સ્કોલરશીપની રકમ Credit કરવાની પણ કોઇ લિમિટ રાખવાની રહેશે નહિ.**

**આમ વિદ્યાર્થીઓના બેન્ક ખાતામાંથી બેન્ક દ્વારા *"Minimum Balance"* ના Rulesના કારણે જે ચાર્જ વસૂલવામાં આવે છે તથા બેન્ક ખાતાને *"In-Operative"* કે *"Dormant* (સ્થગિત) કરી દેવામાં આવે છે તે હવે ભવિષ્યમાં ન થાય તે માટે *Reserve Bank of India* ના તા: ૦૧/૦૯/૨૦૧૪ના પત્રનં *RBI/2014-15/202* તેમજ તા: ૧૭/૧૦/૨૦૧૭ના પત્ર સાથેની કાર્યવાહી નોંધ મુજબ તમામ વિદ્યાર્થીઓના ખાતાને સ્કોલરશિપ**

JCC
Principal

એકાઉન્ટમાં ફેરવવાના થાય છે. તમામ વિદ્યાર્થીઓના બેન્ક ખાતાને સ્કોલરશિપ એકાઉન્ટમાં તબદીલ કરવામાં આવશે તો વિદ્યાર્થીઓને પ્રિમેટ્રીક/પોસ્ટમેટ્રીક શિષ્યવૃતિ યોજનાઓનું ચૂકવણું ઓનલાઇન ***NEFT/RTGS*** સરળતાથી થઇ શકશે, પેમેન્ટ ***Fail*** થવાની શક્યતાઓ નહિવત્ થઇ જશે તેમજ વિદ્યાર્થીઓ પાસેથી કોઇ ચાર્જ પણ વસુલવામાં નહિ આવે.

જેથી તમામ આચાર્યશ્રીઓ પોતાની શાળા/કોલેજ/સંસ્થામાં અભ્યાસ કરતા તમામ વિદ્યાર્થીઓને પોતાના બેન્ક એકાઉન્ટના પ્રકારને "સ્કોલરશિપ એકાઉન્ટ" માં ફેરવવા જરૂરી સૂચના આપે તેવી વિનંતી છે. ખાસ કરીને જે તે પ્રાથમિક શાળાના તમામ વિદ્યાર્થીઓના બેન્ક એકાઉન્ટ સ્થગિત/બંધ ના થાય તે માટે તેના પિતા/વાલી દ્વારા બેન્કનો સંપર્ક કરાવી ***KYC*** કરાવી અને તે જ બેન્કના એકાઉન્ટને બેન્કના ***Software***માં તેઓના બેન્ક ખાતાને "સ્કોલરશિપ એકાઉન્ટ" માં તબદીલ કરાવે તે અંગેની કાર્યવાહી કરાવવા વિનંતી છે.

નાયબ નિયામક
અનુસૂચિત જાતિ કલ્યાણ
આણંદ

<u>બિડાણ:</u>

૧. ***Bank of India***ના તા:૦૧/૧૦/૨૦૧૪ના પત્ર નં. ***RBI/2014-15/202*** તેમજ તા:૧૭/૧૦/૨૦૧૭ના પત્ર સાથેની કાર્યવાહી નોંધ

નકલ રવાના:

૧. જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, જિ. આણંદ તરફ જાણ તેમજ આપના તાબાની તમામ શાળાઓને ઉક્ત બાબતે જરૂરી સૂચના આપવા વિનંતી સહ.

૨. જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, જિ. આણંદ તરફ જાણ તેમજ આપના તાબાની તમામ પ્રાથમિક શાળાઓને ઉક્ત બાબતે જરૂરી સૂચના આપી કામગીરી કરાવવા વિનંતી સહ.

નકલ સવિનય રવાના:

૧. માન. કલેક્ટરશ્રી, જિ. આણંદ તરફ જાણ અર્થે.